Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓમાં અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજનનો અભ્યાસ

સશોધક

બાબુભાઈ કે. વનરાજ

ગાર્ડી આર્ટસ & કોમર્સ કોલેજ, માળિયા-હાટીના

માર્ગદર્શક

ડૉ. મસરીભાઈ નંદાણીયા

ડૉ. સુભાષ મહિલા કોલેજ, જુનાગઢ

## સારાંશ

પ્રસ્તુત સંશોધનનો હેતુ પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓમાં અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન અંગેનો છે. અહી કુલ 120 સ્ત્રીઓને પસંદ કરવામાં આવેલ છે. 120 સ્ત્રીઓમાં 40 પરણિત સ્ત્રીઓ, 40 વિધવા અને 40 ત્યકતા સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. માહિતીના એકત્રીકરણ માટે હમન રચિત અહમ સામર્થ્ય તુલા અને સામાજિક સમાયોજનના માપન માટે બેલ સમાયોજન સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવેલ છે. માહિતીના આંકડાકીય પૃથક્કરણ માટે F-Test ANOVA અને બને વચ્ચે કાર્લ પિયર્સન ℛ શોધવામાં આવેલ છે.

અહી અહમ સામર્થ્યના F ની કિંમત ડ. 90 છે જે 0.5 ક્ક્ષાયે સાર્થક છે જયારે સામાજિક સમાયોજનના F ની કિમત 6.78 જોવા મળે છે જે 0.05 ક્ક્ષાયે સાર્થક છે તેમજ અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે 0.83 જેઓ સહસબંધ જોવા મળે છે. જે નોંધપાત્ર ધનસહસબંધ સૂચવે છે.

## પ્રસ્તાવના (Introduction)

મનોવિશ્લેષણવાદના પ્રણેતા ડૉ. સિગમંડ ફ્રોઈડના મત અનુસાર વ્યક્તિત્વના બંધારણમાં અહમ પ્રાથમિક રૂપથી વાસ્તવિકતામાં સાચું અને ખોટું પસંદ કરે છે એટલે કે અહમ સામર્થ્ય યથાર્થ મુલ્યાંકન કરે છે. અહમ મનોવિશ્લેષણ મુજબ ઈડ અને સુપરઇગો વચ્ચેની મધ્યસ્થી છે. બેરોનનો મત છે કે વ્યક્તિએ અહમશક્તિ જાણવા માટે વ્યક્તિ જે મુશ્કેલીઓ,સંઘર્ષો કે કટોકટીઓનો સામનો કરે છે તે જોવા મળતું નથી પરંતુ જે વિશ્વાસ અને કાર્ય પદ્ધતિના આધારે અહમને ઓળખી શકાય છે.

જે. સી. કોલમેનના મતે 17 મી સદી પ્રકાશના યુગ, 18 મી સદી તર્કના યુગ તરીકે અને અને ૧૯ મી

સદી પ્રગતિના યુગ તરીકે ગણાવી શકાય પરંતુ 20 મી સદીએ ચિંતાના યુગ તરીકે ઓળખવામાં આવે છે. કારેન હોર્ની જણાવે છે કે ચિંતા જેવી અભિપ્રેરણાઓ EGO અને SUPER EGO ની વચ્ચે ઘર્ષણમાંથી નહી પરંતુ માનવીય જરુરીયાતોને પહોંચી વળવામાંથી ઉદભવે છે. ઘણા અભ્યાસોથી જાણવા મળે છે કે માનવી પોતાના અહમને વધુ પ્રાધાન્ય આપે છે તેમાં પણ વર્તમાન સમયમાં સ્ત્રીઓ અહમ સામર્થ્યને વધુ મહત્વ આપતી જોવા મળે છે. અહમ સામર્થ્ય એ સામાજિક સમાયોજન સાથે સંકળાયેલ ખ્યાલ છે.

સમજ અને સમાયોજન વચ્ચે વિધાયક સબંધ ગણાવી શકાય. દરેક વ્યક્તિઓની વિશિષ્ટ જીવનશૈલી કે પદ્ધતિ હોય છે અને તેને ધ્યાને રાખી વ્યક્તિ અન્ય સાથે વર્તાવ કરે છે. બોરીંગ ઇન્ડફિલ્ડ જણાવે છે કે “સમાયોજન એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાની જરૂરિયાતો અને જરૂરીયાતોની તૃપ્તિ પર અસર કરનારા સંજોગો વચ્ચે સમતુલા ટકાવે છે.“ કોલમેન સ્મયોજનની વ્યાખ્યા આપતા જણાવે છે કે “સમાયોજન એ જરૂરિયાતો અને પરિસ્થિતિ વચ્ચે અસરકારક મેળ સાધવાની વ્યક્તિની મથામણનું પરિણામ છે.” સમાયોજન એ જરૂરિયાત અને પરિસ્થિતિ વચ્ચે સુમેળ સાધવાની પ્રક્રિયા છે. તે વ્યક્તિ અને વાતાવરણ વચ્ચે સતત ચાલતી આંતરક્રિયા છે. તે એક એવી પ્રક્રિયા છે; જેના દ્વારા વ્યક્તિ પોતાના વાતાવરણ સાથે સંપાદિત કરી અને સંતોષપ્રદ સબંધો જાળવવામાં મહત્તમ પ્રયાસ કરે છે. સમાયોજનની પ્રક્રિયામાં વ્યક્તિ વાતાવરણના દબાણો અને પોતાની આવડતો અને નબળાઈઓને ધ્યાને રાખી વ્યક્તિની જરૂરીયાતોના સંતોષ માટેનો વ્યવસ્થિત પ્રયત્ન કરે છે.

## પધ્ધતિ (Method)

- ❖ સંશોધનની સમસ્યા :

  “પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓમાં અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજનનો અભ્યાસ”
- ❖ સંશોધનના હેતુઓ: પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.
  1. પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના અહમ સામર્થ્યનો અભ્યાસ કરવો.
  2. પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના સામાજિક સમાંયોજનનો અભ્યાસ કરવો.
  3. અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે સહસબંધ તપાસવો
- ❖ સંશોધનની ઉત્કલ્પના: હેતુઓના આધારે ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.
  1. પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના અહમ સામર્થ્યમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.
  2. પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના સામાજિક સમાયોજનમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.
  3. અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસબંધ જોવા મળતો નથી.

❖ સંશોધનના સાધનો :

પ્રસ્તુત સશોધનના હેતુને ધ્યાને રાખી સ્ત્રીઓના અહમ સામર્થ્યનું માપન કરવા હસન રચિત અહમ સામર્થ્ય માપન તુલા અને સ્ત્રીઓના સામાજિક સમાયોજનના માપન માટે બેલ સમાયોજન સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવેલ છે.

❖ નિદર્શ :

પ્રસ્તુત અભ્યાસના હેતુને ધ્યાને રાખી સ્ત્રીઓના અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજનના માપન માટે કુલ 120 સ્ત્રીઓ જુનાગઢ જીલ્લામાંથી પસંદ કરવામાં આવેલ છે. 120 સ્ત્રીઓમાં 40 પરણિત સ્ત્રીઓ, 40 વિધવા અને 40 ત્યકતા સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. માહિતીના આંકડાકીય પૃથક્કરણ માટે F-Test ANOVA અને બને વચ્ચે કાર્લ પિયર્સન ℛ શોધવામાં આવેલ છે.

❖ પરિણામ કોષ્ટકો અને પરિણામ ચર્ચા

પ્રસ્તુત અભ્યાસનો હેતુ પરિણીત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજનનો અભ્યાસ કરવાનો છે. પ્રાપ્ત પરિણામ અને તેની ચર્ચા નીચે મુજબ છે.

**ટેબલ નં -1**

**અહમ સામર્થ્યનું F-Test ANOVA દર્શાવતું કોષ્ટક**

| Variable | SS | df | M.S. | F. | Sig. |
|---|---|---|---|---|---|
| BSS | 1038.09 | 02 | 519.05 | | |
| WSS | 1808.21 | 37 | 48.87 | 5.90 | 0.05 |
| TSS | 2846.30 | 39 | --- | | |

**Significance Level of 0.05=3.92**

**0.01=6.84**

## ટેબલ નં -2

### અહમ સામર્થ્યના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક

| Sr. No. | Variable | N | Mean | F |
|---|---|---|---|---|
| 01 | પરણિત સ્ત્રીઓ | 40 | 19.08 | |
| 02 | વિધવા સ્ત્રીઓ | 40 | 18.89 | 5.90 |
| 03 | ત્યકતા સ્ત્રીઓ | 40 | 15.38 | |

ઉપરોક્ત પરિણામ કોષ્ટક પરથી કહી શકાય છે કે પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના અહમ સામર્થ્યના F ની કિંમત 5.90 જોવા મળે છે જે 0.05 કક્ષાએ સાર્થક છે. અહી મધ્યકોને જોતા કહી શકાય કે પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના મધ્યકો અનુક્રમે 19.08 , 18.89 અને 15.38 જોવા મળે છે. મધ્યકોના તફાવત પરથી કહી શકાય કે પરણિત સ્ત્રીઓમાં વિધવા અને ત્યકતા સ્ત્રીઓની સરખામણીએ વધુ અહમ સામર્થ્ય જોવા મળે છે. જયારે ત્યકતા સ્ત્રીઓની સરખામણીએ વિધવા સ્ત્રીઓમાં અહમ સામર્થ્ય વધુ જોવા મળે છે. તેમ પરિણામ પરથી કહી શકાય.

## ટેબલ નં -3

### સામાજિક સમાયોજનનું F-Test, ANOVA દર્શાવતું કોષ્ટક

| Variable | SS | Df | M.S. | F. | Sig. |
|---|---|---|---|---|---|
| BSS | 398.21 | 02 | 199.11 | | |
| WSS | 728.47 | 37 | 19.69 | 6.78 | 0.05 |
| TSS | 1126.68 | 39 | --- | | |

**Significance Level of 0.05=3.92**

**0.01=6.84**

## ટેબલ નં -4

### સામાજિક સમાયોજનના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક

| Sr. No. | Variable | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|---|
| 01 | પરણિત સ્ત્રીઓ | 40 | 34.29 | | |
| 02 | વિધવા સ્ત્રીઓ | 40 | 33.89 | 6.78 | 0.05 |
| 03 | ત્યકતા સ્ત્રીઓ | 40 | 31.08 | | |

ઉપરોક્ત પરિણામ કોષ્ટક નં -3 માં સ્ત્રીઓના સામાજિક સમાયોજનના F ની કિમત 6.78 જોવા મળે છે જે 0,05 કક્ષાયે સાર્થક છે. જયારે કોષ્ટક નં -4 માં પરણિત, વિધવા અને ત્યકતા સ્ત્રીઓના મધ્યકો અનુક્રમે 34.29, 33.89 અને 31.08 જોવા મળે છે. મધ્યકો પરથી કહી શકાય કે વિધવા અને ત્યકતા સ્ત્રીઓની સરખામણીએ પરણિત સ્ત્રીઓનું સામાજિક સમાયોજન સારું જોવા મળે છે જયારે ત્યકતા સ્ત્રીઓની તુલનામાં વિધવા સ્ત્રીઓમાં સામાજિક સમાયોજન વધુ સારું જોવા મળે છે.

## ટેબલ નં -5

### અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે સહસબધાંક દર્શાવતું કોષ્ટક

| ક્રમ નં. | વિગત | N | ઋ |
|---|---|---|---|
| 01 | અહમ સામર્થ્ય | 120 | 0.83 |
| 02 | સામાજિક સમાયોજન | 120 | 0.83 |

ઉપરોક્ત કોષ્ટકમાં અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે 0.83 જેટલો તફાવત જોવા મળે છે જે નોંધપ્રાપ્ત ધન સહસબંધ છે. સહસબંધ પરથી કહી શકાય છે કે જે સ્ત્રીઓનું અહમ સામર્થ્ય સારું હોય છે તેઓનું સામાજિક સમાયોજન પણ સારું જોવા મળે છે તેમ કહી શકાય.

## નિષ્કર્ષ (તારણો)

પ્રસ્તુત અભ્યાસના પરિણામ પરથી નીચે મુજબના તારણો તારવી શકાય છે.

1. પરણિત સ્ત્રીઓમાં અહમ સામર્થ્ય વધુ જોવા મળે છે.
2. વિધવા સ્ત્રીઓમાં ત્યકતા સ્ત્રીઓની સરખામણીએ અહમ સામર્થ્ય વધુ જોવા મળે છે.
3. પરણિત સ્ત્રીઓનું સામાજિક સમાયોજન વધુ સારું જોવા મળે છે.
4. વિધવા સ્ત્રીઓમાં ત્યકતા સ્ત્રીઓની તુલનામાં સામાજિક સમાયોજન સારું જોવા મળે છે.
5. અહમ સામર્થ્ય અને સામાજિક સમાયોજન વચ્ચે 0.83 જેટલો સહસબંધ જોવા મળે છે.

## સંદર્ભસૂચી


- Kumar, S.K.K (2006) *Happiness and Well- being in Indian Tradition*, California, 1946.
- Watson L. *Super Nature*: Core net, London, 1974.
- James W. (1950): *Principles of Psychology*, New York, Dover.
- ડૉ. બી. ડી. ઢીલા: *સામાન્ય મનોવિજ્ઞાન*, સમભાવ પ્રકાશન.